SAMVAD E-JOURNAL
ISSN (Online) : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 4, Issue-2, April to June : 2026
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# પાલણપુર નગરની સ્થાપના અને કીર્તિસ્તંભ : એક અભ્યાસ

Dr. Narendra Parmar

(1) પ્રસ્તાવના:

પાલણપુરની ઓળખ તેનાં સ્થાપત્યોના આધારે કરવી હોય તો તેમાં પ્રથમ નામ 'કીર્તિસ્તંભ'નું લઈ શકાય. આ શહેર સ્વતંત્ર ભારતના ગુજરાત રાજ્યના બનાસકાંઠા જિલ્લાનું મુખ્ય મથક છે. આ જિલ્લાનું નામ આ પ્રદેશમાંથી પસાર થતી 'બનાસ' નદી પરથી પડ્યું છે. (1)

ભારતમાં મુસ્લિમ શાસક કુટુંબમાં સૌથી વધુ વર્ષ રાજ્ય કરનાર 'હેતાણી વંશ'નું શાસન પાલણપુરમાં ઉત્તર મધ્યયુગ દરમિયાન સ્થપાયું હતું. પરંતુ તેમની રાજધાની પાલણપુર શહેરની સ્થાપના તે અગાઉ પ્રાચીન સમયથી થયેલી હતી. આથી આ સ્થળની ઐતિહાસિકતા છેક પ્રાચીન સમયથી શરૂ થયેલી ગણી શકાય. મધ્યયુગમાં પરમારોની સત્તા તળેનો આજના બનાસકાંઠાનો પૂર્વભાગ જે છેક આબુની તળેટી સુધી વિસ્તરેલો હતો તે 'અર્બુદ મંડળ' તરીકે પ્રચલિત હતો. (2)

(2)પાલણપુર શહેરની સ્થાપના અને સ્થાપક:

શ્રી આબુગિરિ ઉપર નેમિનાથ મંદિરના શિલાલેખમાં ચંદ્રાવતીના પરમાર રાજવીઓની વંશાવળી આપેલી છે. તેમાં તેમની ઉત્પત્તિની કથા પણ વણી લીધી છે. આ પરમારો પોતાના શત્રુઓનો નાશ (પર-મારણ) કરવામાં આનંદ માનતા હોવાથી ઋષિએ તેમને 'પરમાર' નામ આપ્યું હતું. આ વંશમાં પ્રથમ શાસક સિંધુરાજ થયો. (3)

આ પરમાર રાજવીઓ પાટણના સોલંકીઓના આશ્રિત હતા. કુમારપાળ બાદ ગાદીએ આવેલા અજયપાલના સમયમાં મેવાડના ગોહિલ સામંતસિંહે અજયપાલ સામે થવાનો પ્રયાસ કરતાં થયેલા યુદ્ધમાં અજયપાલ ઘાયલ થયો ત્યારે પરમાર રાજવી પ્રહ્લાદને તેનું રક્ષણ કર્યું. આ પ્રહ્લાદને જ આ શહેર વસાવ્યું હોવાથી તેના નામ પરથી આ શહેરનું નામ પાલણપુર પડ્યું. (4)

જ્યારે પ્રા. રાવલના 'મધ્યકાલીન પાલણપુર'માં આપેલી માહિતી મુજબ સામેશ્વરકૃત सुरथोत्सव, सर्गः 15, શ્લોક 31 તથા भुगवसतिप्रशस्ति (मा.आ) શ્લોક નં.38માં અજયપાલનું રક્ષણ આબુના પરમાર રાજા ધારાવર્ષના નાનાભાઈ પ્રહ્લાદનની તલવારે કર્યું હતું તેવો ઉલ્લેખ છે. આથી બંને વિગતોમાં વિસંગતતા જોવા મળે છે. પરંતુ અજયપાલના રક્ષણ અને પાલણપુર વસાવવા બંને વિગતોમાં એકસૂત્રતા જોવા મળે છે. ગૌરીશંકર ઓઝાના પુસ્તક 'રજપૂતોં કા ઇતિહાસ'માં જે વંશાવળી આપેલી છે તેમાં પ્રહ્લાદનનો રાજવી તરીકે ઉલ્લેખ નથી. પરંતુ પાલણપુર જૈન લેખ સંગ્રહ નં.64 અને સોમસૌભાગ્ય સર્ગ-1, શ્લોક-13માં પાલણપુર શહેરની સ્થાપના અંગેના શ્લોકમાં પ્રહ્લાદનનો રાજવી તરીકે ઉલ્લેખ છે. પરંતુ બહુમતી સાધનોમાં પ્રહ્લાદનનો રાજવી તરીકે સ્વીકાર થતો આપણે જોઈ શકતા નથી. આથી યુવરાજ તરીકેના સમય દરમિયાન જ તેમણે પાલણપુરની સ્થાપના કરી હશે તેમ કહી શકાય.

(3)પાલણપુરની સ્થાપના બાબતનો શ્લોક:

प्रहलादनक्षितिपतिर्धुपतिर्महोमि
श्री अर्बुदचलविभुः स बभुव पूर्वम् ।
तेन स्वनामविदितं दितपापतापं
संस्थापितं पूरमिदं मुदितप्रणाढयम् ।।

હર્ષ તેજમાં સૂર્ય સમો પ્રહ્લાદન અર્બુદાચલનો રાજા થયો. તેણે સ્વનામે પ્રખ્યાત આ નગરની સ્થાપના કરી. જે નગર પાપના તાપનો નાશ કરનાર નિત્ય હર્ષવાળી પ્રજાથી ભરપૂર છે. આ નગર બીજાં નામો જેવા કે પ્રહ્લાદપટ્ટણ, પહલુપુર, પાલ્હાદનપુરથી પણ પ્રચલિત છે.

સંવત 1554માં કવિ પ્રતિષ્ઠાસોમે 'સોમસૌભાગ્ય'ની રચના કરી હતી. તેમાં આ નગરની સ્થાપનાનું ઉપરોક્ત વર્ણન છે. આ વર્ણનમાં જરા અતિશયોક્તિ લાગે છે. તેનું વર્ણન આપણને કવિ કાલિદાસની કૃતિ 'મેઘદૂત' સાથે મળતું આવતું પણ લાગે છે. (5)

निःशेषराष्ट्रमुकुटोत्करमुर्चरत्रा
नेत्राभमाभरजमन्यत्युरोत्कराणाम् ।
क्रिडन्सत्रेजवदना वदनाभिराम्
वातायनप्रकर सुंदरमन्दिरौधम् ।।
स्वद्-र्गचंगसुषमाविषमाभिमान्
प्रच्छेदनं दनुजजिगरीगरीयः ।
लड्कालकामतगदच्छिदिहधवेधं
प्रहलादनादिपूरमस्ति पूरं पुराणम् ।।

પ્રહ્લાદન નામે એક પ્રાચીન નગર છે. જે નગર સર્વદેશના મુકુટ સમા ગુજરાત દેશના નેત્ર સમું છે. બીજાં નગરોના સમૂહનું આભૂષણ છે. ક્રીડા કરતી કમલમુખી સ્ત્રીઓના મુખથી મનોહર એવી બારીઓના સમૂહ વડે સુંદર એવા કટહ છે. જે સ્વર્ગભૂમિની ઉત્તમ શોભાના તીવ્ર અભિયાનને છેદનારું છે. જે દાનવોને જીતનારા વિષ્ણુની નગરીના જેવું મોટું છે. લંકા અને અલકાપુરીના ગર્વરૂપ રોગને છેદવામાં ઉત્તમ વૈદ્ય સમું છે.

(4)પાલણપુરની સ્થાપનાનો સમય:

ધારાવર્ષનો સમય વિ.સં. 1276 સુધીનો છે. તેથી પ્રહ્લાદને આ સમય પહેલાં જ આ શહેર વસાવ્યું હશે. ગેઝેટિયર અને કીર્તિસ્તંભ જેવાં સાધનોમાં ભિન્ન-ભિન્ન મત પ્રવર્તે છે. આથી સાંયોગિક પુરાવા જોતાં આ નગર પ્રહ્લાદને વિ.સં. 1276 પહેલાં જ વસાવ્યું હોય તેમ લાગે છે.

(5)પાલણપુરમાં મુસ્લિમ શાસન:

આઝાદી સમયે હિંદમાં જે થોડા મુસ્લિમ રાજ્યવંશો રાજ્ય કરતા હતા તેમાં પાલણપુરનો હેતાણી વંશ સૌથી પુરાણો હતો. તેના પ્રથમ શાસક મલેક ખુર્રમખાને ઝાલોરમાં ઈ.સ. 1394માં ગાદી સ્થાપી અને તેઓ ગુજરાતના સૂબેદારના ખંડિયા બન્યા હતા. ગુજરાતના બાદશાહે મલેક ઉસ્માનખાનને 'ઝુલ્દ-તુલ-મુલ્ક'નો ખિતાબ આપ્યો હતો.

ઈ.સ. 1576માં ઝાલોરની ગાદીએ આવેલા ગઝનીખાન બીજાના સમયે અકબરે સરદાર અબ્દુરહીમ ખાનખાનાને ગુજરાત મોકલ્યા ત્યારે ગઝનીખાને તેને મદદ ન કરતાં ઝાલોરને મુઘલ અંકુશ હેઠળ મૂકવામાં આવ્યું. પરંતુ જોધાબાઈ અને ગઝનીખાનની માતા અમરાબાઈ વચ્ચે સગપણ હોવાથી ગઝનીખાનને તેમણે કેદમાંથી છોડાવ્યા. છતાં તેમને દિલ્હીમાં જ રહેવું પડ્યું. આ સમયે અફઘાનોમાં બંડને દબાવવામાં ગઝનીખાને અગત્યની ભૂમિકા ભજવી તેથી તેમને ઝાલોરની સનદ આપી. ઉપરાંત મિયાં મહમદ વફાની દીકરી જેને અકબરે પોતાની ધાવબહેન માની હતી તેનાં લગ્ન તેમની સાથે કર્યાં. સાથે પાલણપુર, ડીસા અને દાંતીવાડાનાં પરગણાં પહેરામણીમાં અને 'મહાખાન' તથા 'દીવાન'નો ખિતાબ પણ આપ્યો. અકબરનો સમય પાલણપુર માટે બીજી રીતે પણ મહત્ત્વનો છે. કારણ કે, જૈન ધર્મના હિરવિજયસુરી જેમને અકબરે જગતગુરુનું બિરુદ આપેલું તે પણ પાલણપુરના જ હતા. (6)

પાલણપુરના શાસકોને આ 'દીવાન'નો ખિતાબ બાદશાહ અકબરે આપેલો હોવાથી એટલો પ્રિય હતો કે છેલ્લા શાસક તાલેમહમદખાનના પિતા શેરમહમદખાનને અંગ્રેજો દ્વારા 'નવાબ'નો ખિતાબ અપાયો છતાં 'દીવાન'નો ખિતાબ અંગ્રેજ સરકારે પણ કાયમ રાખ્યો હતો. (7)

ગઝનીખાનના દીકરા પહાડીખાનના સમયે ઝાલોર ફરી પાછું મુઘલ કબજામાં જતાં પહાડખાનના કાકા ફિરોજખાને ગુજરાત આવી 1635માં પાલણપુરમાં અકબરની સનદ મુજબ ગાદીની સ્થાપના કરી. તેના પુત્ર મુજાહીદખાનને પણ શાહજહાંએ પાલણપુરની સનદ આપી. (8)

(6) કીર્તિસ્તંભનો શિલારોપણ વિધિ:

પાલણપુરની મધ્યમાં આવેલા કીર્તિસ્તંભની ચર્ચા વિના આ નગરનો ઇતિહાસ અધૂરો ગણાય. આજે આ કીર્તિસ્તંભ નગરની ઓળખ આપતો ઊભો છે. નવાબ શેરમહમદખાને તેમના અમલ દરમિયાનની કલ્યાણકારી શાસનની સ્મૃતિ ચિરંજીવ રાખવા એક સ્મરણસ્તંભ સ્થાપિત કરવા ઇચ્છા દર્શાવી. આથી તેમની 66મી વર્ષગાંઠ સમયે 04-01-1917ના દિવસે 13 તોપોની સલામી સાથે નવાબના મિત્ર લીમડીના ઠાકોરસાહેબે પાલણપુરની મધ્યે સવારે 11-00 કલાકે કીર્તિસ્તંભનો પાયો નાંખ્યો.

આ સ્થાપત્ય બનાવવા માટે પાલણપુરના પ્રજાજનોમાંથી એક 'સ્મારક સમિતિ'ની રચના કરવામાં આવી. પ્રજાએ આ સમિતિને ઉદાર હાથે ફાળો આપતાં આ સ્મારક પેટે રૂ.40,000 તો આ વર્ષે જ એકઠા થઈ ગયા હતા. (9)

આ કીર્તિસ્તંભના ખાતમુહૂર્ત માટે મુંબઈથી land & block lay co.માંથી ચાંદીનો લેલો મંગાવવામાં આવ્યો. જેનો તે સમયે ખર્ચ રૂ.156 થયો હતો. (10)

(9) કીર્તિસ્તંભના બાંધકામનો ખર્ચ:

આ કીર્તિસ્તંભની ડિઝાઇન નવાબજાદા તાલેમહમદખાને તૈયાર કરી હતી. તેનું બાંધકામ પી.ડબલ્યુ.ડી.ના અધિકારી ગુલાબમિયાંની રાહબરી હેઠળ શરૂ થયું. આ સ્મારક રાજ્ય અને પ્રજા બંનેના સહયોગથી તૈયાર થવાનું હતું છતાં તેને તૈયાર થતાં ઓગણીસ વર્ષ જેટલો સમય લાગ્યો. (11)

આથી આ બાંધકામ પાછળ ખર્ચ ઘણો થઈ ગયો. ઈ.સ. 1934 સુધીમાં રૂ.67372નો ખર્ચ થયો હતો. નવાબે આ સ્મારક પાછળ કેટલો ખર્ચ થયો તેની માહિતી વઝીર ડી.વી. પટવારી પાસેથી મંગાવતાં ઉપરોક્ત રકમની જાણકારી મળી હતી. છતાં આ સ્મારક ઈ.સ. 1936માં પૂર્ણ થયું ત્યાં સુધીમાં તો ખર્ચ સરકારી આંકડા પ્રમાણે રૂ.74,000નો હતો. પરંતુ વાસ્તવિક ખર્ચ ઘણો વધારે થયો હતો. કારણ કે આ સ્મારક પાછળ પબ્લિક ફાળાના રૂ.42,614 અને રાજ્ય ફાળાના રૂ.31,386 તથા જમીન સુધારણા પાછળ રૂ.16,243 ખર્ચ થયો હોવાનું જાહેર થયું હતું. બ્રિટિશ સરકારે આ બાંધકામના ખર્ચના આંકડા મંગાવતાં રાજ્ય તરફથી આ ખર્ચ પબ્લિક ફાળાના રૂ.45,000, રાજ્ય ફાળાના રૂ.21,490 અને રૂ.25,500 જમીન સુધારણા પાછળ ખર્ચ થયાનું જણાવ્યું હતું. (12)

ખરેખર ખર્ચ કરતાં જુદા જુદા હેડમાં સુધારા કરી શા માટે સુધારા કરેલા આંકડા બ્રિટિશ સરકારમાં મોકલાયા તે જાણી શકાતું નથી. પરંતુ એટલું નિશ્ચિત છે કે રૂ.74,000 કરતાં તો વધુ રકમનો ખર્ચ થયો હતો.

જમીન સુધારણા પાછળ થયેલા ખર્ચમાં પણ વિસંગતતા જોવા મળે છે. કીર્તિસ્તંભની જગ્યા પહેલાં ખાડા-ટેકરાવાળી હતી. આથી અહીં પુરાણની ખાસ જરૂરિયાત હતી. ઈ.સ. 1934 સુધીમાં જ પુરાણનો કુલ ખર્ચ રૂ.6163 થયો હતો. કીર્તિસ્તંભની આસપાસની વીસ દુકાનો તથા ગુજરાતી નિશાળ બનાવવામાં રૂ.20,509 ખર્ચ થયો. કીર્તિસ્તંભ પાસેનું નાળું રિપેર કરાવવાનો ખર્ચ જ રૂ.695 થયો હતો. આ તમામ ખર્ચના આંકડા સરકારશ્રીમાં મોકલેલી વિગતથી જુદા પડે છે. (13)

(8)કીર્તિસ્તંભ પરના લેખનો ખર્ચ:

આ કીર્તિસ્તંભમાં હેતાણી વંશના શાસકોનો ઇતિહાસ સીસાની ધાતુથી લખાયેલા અક્ષરોમાં છે. આ લેખ લખવા આગ્રાથી ખાસ ખ્વાજા રૂહંમીદ હુસેનને બોલાવવામાં આવ્યા હતા. આ લેખ લખવાનો ખર્ચ જ રૂ.12,147 થયો હતો. જ્યારે સ્તંભનું મોડલ બનાવવાનો ખર્ચ રૂ.579 આવ્યો હતો. (14)

(9) કીર્તિસ્તંભનું ઉદ્‌ઘાટન:

આ કીર્તિસ્તંભનું ઉદ્‌ઘાટન વાઇસરોય લોર્ડ વિલિંગ્ટન કરવાના હતા પરંતુ જ્યોર્જ પાંચમાના અવસાનના કારણે તેઓ પાલણપુર આવી શક્યા ન હતા. આથી આ સ્તંભનું ઉદ્‌ઘાટન બિકાનેરના મહારાજા શ્રી ગંગાસિંહજીના હસ્તે કરવામાં આવ્યું. (15)

ઉપસંહાર:

આ ઉદ્‌ઘાટન સમયે નવાબ તાલેમહમદખાને કહેલું કે, "આ ઐતિહાસિક સ્થળ છે કારણ કે સ્મારકની બાજુમાં પાતાળેશ્વર મંદિર છે. જ્યાં લોકવાયકા મુજબ સિદ્‌ધરાજ જયસિંહનો જન્મ થયો હતો." આ બંને સ્થાપત્યો પ્રત્યે નવાબે પ્રાર્થના કરી કે, "આ બંને સ્મારકો ચિરકાળ પર્યંત અત્રે કાયમ રહો, આ અતિ પુરાતનનગર, રાજ્યનાં ઐતિહાસિક સંસ્મરણો ચિરંજીવ બનાવો તથા રાજ્યના પ્રત્યેક વર્ગ તથા ધર્મના પરસ્પર ભ્રાતૃભાવની ઉજ્જ્વલ પ્રણાલિકાની તેમજ મારા વંશ તથા મારી પ્રજા વચ્ચેના મીઠા સહકારથી ભાવિ પ્રજાને સતત સ્મૃતિ આપો." (16)

અહીં નવાબની ધર્મસહિષ્ણુતા દેખાયા વગર રહેતી નથી. ઉપરાંત તેમણે આ પાતાળેશ્વર મંદિરની આજુબાજુના નિર્જન વિસ્તારમાં કીર્તિસ્તંભ બાંધી નવા પાલણપુરનું ઘડતર કર્યું. જેનું તમામ શ્રેય છેલ્લા નવાબ તાલેમહમદખાનને ફાળે જાય છે. (17)

પાદનોંધ


(1) Rajyogor, (Dr.), S.B. Tripathi, S. Chokshi, U.M. (Chief Editor), Gujarat State Gazetteer, Banaskantha Dist. Govt. of Gujarata, (Ahmedabad, 1981) P.1

(2) રાવલ યશવંત જ. : મધ્યકાલીન પાલણપુર, (પાલનપુર, 2003), P.P. 1-3

(3) આચાર્ય, ગિરજાશંકર વલ્લભજી :'ગુજરાતના ઐતિહાસિક લેખો, ભાગ-I, P.P. 120-122

(4) મુનશી, કનૈયાલાલ માણેકલાલ : ચંદ્રવર્તી ગુર્જરો, (અમદાવાદ, 1966), P.317

(5) રાવલ યશવંત જ : પૂર્વોક્ત, P.42-43 તથા મુનશી કનૈયાલાલ માણેકલાલ, પૂર્વોક્ત, P.317

(6) નવાબજાદા તાલેમહમદખાન : પાલણપુર રાજ્યનો ઇતિહાસ, ભાગ-1, (વડોદરા, 1913) P.P. 3-5

(7) માસ્તર, ફરામરોજ સોરાબજી : એજન્સી ડિરેક્ટરી, ભાગ-IV (રાજકોટ-1919), P-21

(8) નવાબજાદા તાલેમહમદખાન : પાલણપુર રાજ્યનો ઇતિહાસ, ભાગ-1, પૂર્વોક્ત, P.P.95

(9) Report of the A.D.M. of Palanpur, 1916-17, P.P. 15-17 and Summary report of the A.D.M. of Palanpur, 1935-36, P.P. 2-15

(10) ફાઇલ નં.-17, કીર્તિસ્તંભ, પી. ડબલ્યુ.ડી.આઇ, P-29, રેકર્ડરૂમ, બનાસકાંઠા જિલ્લો

(11) પરમાર (ડો.) નરેન્દ્ર આર., પાલણપુર નવાબશ્રી તાલેમહમદખાન અને તત્કાલીન પાલણપુર રાજ્ય : એક ઐતિહાસિક અધ્યન, (અપ્રકાશિત મહાનિબંધ) ગુજ. યુનિ. (અમદાવાદ-2007) P.62

(12) ફાઇલ નં-17, કીર્તિસ્તંભ, પૂર્વોક્ત, P.P. 6-9, 18-19

(13) એજન, P-22

(14) એજન, P-29

(15) Summary report of the A.D.M. of Palanpur, 1934-35 & 1935-36, P-11

(16) એજન, P.P. 12-20

(17) મહેતા ચંપકલાલ : 'સ્વરાજ્ય' સાપ્તાહિક, પાલણપુર, વર્ષ-4, તા.22-5-57, અંક 37, P-6